# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", સત્યનગરની સામે, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૦૧/૦૪/૨૦૧૭

તંત્રીશ્રી,

.............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)
મીડિયા કન્વીનર, સુરત

- **જીવદયા પ્રેમી અને સંવેદનશીલ સરકારને અભિનંદન પાઠવતા ભાજપ–સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા**
- **ગૌમાતાની વિશેષ પૂજા કરી, ફટાકડા ફોડી રાજ્ય સરકારના કડક કાયદાને વધાવતું સુરત શહેર ભા.જ.પ.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

ગૌમાતા એ હિન્દુઓ માટે આસ્થા અને શ્રધ્ધાનું પ્રતિક છે. ગૌમાતાની રક્ષા માટે અનેક વીર પુરૂષોએ બલિદાન આપ્યા છે. ગૌમાતાની રક્ષા માટે, સંરક્ષણ માટે ગુજરાત સરકાર દ્વારા પશુ સંરક્ષણ સંશોધાત્મક વિધેયક વિધાનસભામાં પસાર કરવા બદલ ભાજપ–સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા સહિત સમગ્ર સુરત મહાનગરની ટીમે ગુજરાતના આદરણીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, માન. નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, માન. ગૃહમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા તથા સમગ્ર ગુજરાત સરકારનો આભાર માની અભિનંદન પાઠવ્યા હતા.

ગૌ હત્યાને અટકાવવા માટે કડક કાયદાના અમલીકરણ માટે રાજ્ય સરકારને અભિનંદન પાઠવતા વધુમાં ભાજપ–સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાએ જણાવ્યું કે આ સરકાર સાચા અર્થમાં જીવદયા પ્રેમી અને સંવેદનશીલ સરકાર છે. ગૌ હત્યા કરનારને આજીવન

કેદની સજા આપતું એક માત્ર રાજ્ય ગુજરાત છે. સરકારના આવા કાયદાથી જીવદયા પ્રેમીઓમાં ઉત્સાહ અને આનંદની લાગણી છે. ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના પદાધિકારીશ્રીઓ, કાર્યકર્તાઓ દ્વારા "પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના ખાતે ગૌમાતાની વિશેષ પૂજા કરવામાં આવી હતી. આ ઉપરાંત ફટાકડા ફોડી રાજ્ય સરકારના આ નિર્ણયને સૌ કોઈએ વધાવી લીધો હતો.

આજના આ કાર્યક્રમમાં ભાજપ–સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા, મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી, દંડક શ્રી અજયભાઈ ચોકસી, સંસદિય સચિવ શ્રી પૂર્ણેશભાઈ મોદી, સુરત શહેરના મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ગુજરાત પ્રદેશ મંત્રી શ્રીમતી દર્શિનીબેન કોઠીયા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી હસમુખભાઈ પટેલ, સુરત શહેરના મહામંત્રીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, યુવા મોરચા પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ દેસાઈ, ધારાસભ્યશ્રીઓ, સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ પ્રભારીશ્રીઓ, વોર્ડ પ્રમુખશ્રીઓ/ મહામંત્રીશ્રીઓ સહિતના પદાધિકારીઓ, યુવા મોરચા અને મહિલા મોરચાના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.